# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

**આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ નીચે મુજબની વિગતની જાહેરાતોની પરીક્ષા યોજાનાર છે. આ જગ્યાઓની પ્રાથમિક/મુખ્ય લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in/ પર ઉપલબ્ધ છે.**

| ક્રમ | જગ્યાનું નામ | જાહેરાત ક્રમાંક | પ્રાથમિક/મુખ્ય કસોટીની તારીખ | | પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની તા. |
|---|---|---|---|---|---|
| | | | સામાન્ય અભ્યાસ /એન્જી એપ્ટીટ્યૂડ | સંબધિત વિષય | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | ડેપ્યુટી ડાયરેક્ટર ઇન્ફોર્મેશન, વર્ગ–1 અને આસીસ્ટન્ટ ડાયરેક્ટર ઇન્ફોર્મેશન, વર્ગ–2 | ૪૫/૨૦૨૫-૨૬ | મુખ્ય પરીક્ષા : ૨૦/૦૯/૨૦૨૬ અને ૨૧/૦૯/૨૦૨૬ | | ૦૫/૦૯/૨૦૨૬ |
| ૨ | જિલ્લા શિક્ષણાધિકારી / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને સમકક્ષ, વર્ગ-૧ (દિવ્યાંગ ખાસ ભરતી), | ૪૧/૨૦૨૬-૨૭ | - | ૧૭/૦૯/૨૦૨૬ | ૦૭/૦૯/૨૦૨૬ |
| ૩ | મદદનીશ નિયામક (બોઈલરો), વર્ગ-૨ | ૪૦/૨૦૨૬-૨૭ | | ૧૯/૦૯/૨૦૨૬ | ૦૯/૦૯/૨૦૨૬ |
| ૪ | રહસ્ય સચિવ (ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૧), વર્ગ-૨ | ૧/૨૦૨૪-૨૫ | મુખ્ય પરીક્ષા :- પેપર : ૧ - ૨૮/૦૯/૨૦૨૬ અને પેપર : ૨ ૨૬/૦૯/૨૦૨૬ અને ૨૭/૦૯/૨૦૨૬ | | ૧૬/૦૯/૨૦૨૬ |
| ૫ | રહસ્ય સચિવ (ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૧), વર્ગ-૨, (દિવ્યાંગ ખાસ ભરતી) | ૧૩૩/૨૦૨૪-૨૫ | મુખ્ય પરીક્ષા :- પેપર : ૧ - ૨૮/૦૯/૨૦૨૬ અને પેપર : ૨ ૨૭/૦૯/૨૦૨૬ | | |
| ૬ | સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ (ગુજરાતી), વર્ગ-૨ (GWRDC) | ૫૩/૨૦૨૪-૨૫ | | | |
| ૭ | રહસ્ય સચિવ (ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૧), વર્ગ-૨ | ૪૪/૨૦૨૫-૨૬ | | | |
| ૮ | સંશોધન અધિકારી, વર્ગ-૨ | ૨૩/૨૦૨૬-૨૭ | - | ૨૯/૦૯/૨૦૨૬ | ૧૯/૦૯/૨૦૨૬ |
| ૯ | ગ્રેજ્યુએટ એન્જીનીયર ટ્રેઈની, વર્ગ-૨ (દિવ્યાંગ ખાસ ભરતી), (GMB) | ૩૨/૨૦૨૬-૨૭ | - | ૦૩/૧૦/૨૦૨૬ | ૨૩/૦૯/૨૦૨૬ |
| ૧૦ | ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૧ | ૨૫/૨૦૨૬-૨૭ | - | ૦૪/૧૦/૨૦૨૬ | ૨૪/૦૯/૨૦૨૬ |
| ૧૧ | મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ | ૨૬/૨૦૨૬-૨૭ | - | ૦૪/૧૦/૨૦૨૬ | ૨૪/૦૯/૨૦૨૬ |
| ૧૨ | આઈ. સી ટી અધિકારી, વર્ગ-૨ (મનપા) | ૩૬/૨૦૨૬-૨૭ | - | ૦૪/૧૦/૨૦૨૬ | ૨૪/૦૯/૨૦૨૬ |
| ૧૩ | લીગલ ઓફિસર, વર્ગ-૨ (મ.ન.પા.) | ૩૭/૨૦૨૬-૨૭ | - | ૦૪/૧૦/૨૦૨૬ | ૨૪/૦૯/૨૦૨૬ |
| ૧૪ | પ્રવર ઔષધ નિરીક્ષક, વર્ગ-૨ | ૩૩/૨૦૨૬-૨૭ | - | ૦૪/૧૦/૨૦૨૬ | ૨૫/૦૯/૨૦૨૬ |

**નોંધ:**

**(૧)** ઉપરોકત દર્શાવેલ જાહેરાતોની પ્રાથમિક કસોટી **OMR** પધ્ધતિથી લેવાશે.

(૨) ઉકત જાહેરાતોનાં તમામ ઉમેદવારોને આ કસોટીમાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે.

(૩) પ્રવેશપત્ર **"Online"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર/સ્ટેપવાઈઝ કાર્યવાહી કરવાની રહે છે. (૧) **https://gpsc-ojas.gujarat.gov.in** પર જવું. (૨)**"Call Letter/Form" >> "Preliminary Call Letter / Main Exam Call Letter / Form"** પર **"Click"** કરવું. (૩) અહીં ઉમેદવારે પોતાની **"Job Select"** કરવી તથા **"Confirmation Number"** અને **"Birth Date"** ટાઈપ કરવાના રહેશે. (૪) હવે **"Print Call Letter"** પર **"Click"** કરી પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. આયોગની તમામ પરીક્ષામાં ઉમેદવારોએ ફરજિયાત ફોટો આઈડી કાર્ડ સાથે હાજર રહેવાનું રહેશે.

**ખાસનોંધ:**- પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડયૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જે જાહેરાતો માટે સંમતિ પત્ર અને ડિપોઝીટ લીધેલ છે અને જો ઉમેદવારે સંમતિ પત્ર અને ડિપોઝીટ ભરેલ ન હોય તેવા ઉમેદવારો પરીક્ષામાં બેસવા પાત્ર નથી. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી અને જો સંમતિ પત્ર અને ડિપોઝિટ (લાગુ પડતું હોય તો) ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. **તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષંગિક કાર્યવાહી કરવાની રહેશે.**

**તારીખ- ૦૨-૦૯-૨૦૨૬**

follow us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in